ગાંધીનગર સમાચાર

શહેરમાં ડેનગ્યુના વધુ ૫ કેસ

# ભાજપે ગાંધીગીરી કરી મૌન પાળતાં સામાન્ય સભા ઔપચારિક બની

**વધુ સંવેદનશીલતા સાથે પ્રજાભિમુખ બની તંત્ર કામ કરશે : ડીડીઓ, કલોલ આંગણવાડીમાં કરિયાણાની ખરીદીના મુદ્દે પંચાયતના બે સભ્યો અને નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ટીમ તપાસ કરશે : પાંચ ઠરાવ અદ્યક્ષ સ્થાનેથી રજુ થયા**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમાન્ય સભામાં ભાજપના સભ્યોએ પાળેલા મૌનને લઈ આજની બેઠક માત્ર ૪૫ મિનિટમાં જ આટોપાઈ જવા પામી હતી અને માત્ર સામાન્ય સભાની ઔપચારિકતા પુરી કરાઈ હતી.

જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે આજે બપોરે ૩ વાગે સરદાર હોલમાં સામાન્ય સભા મળી હતી. બેઠકના આરંભે ઉરીના શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

વિપક્ષ ભાજપની ચેમ્બર આંચકી લેવાના નિર્ણયના વિરોધમાં આજે ભાજપના સભ્યોએ ગાંધીગીરીનો રાહ અપનાવી અને સમગ્ર બેઠક ચાલી ત્યાં સુધી મૌન પાળ્યું હતું. આજની બેઠકમાં ચૂંટાયેલા ધારાસભ્યો પૈકીના એક પણ સભ્ય હાજર રહ્યા ન હતા.

જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિમણુંક પામેલા દેવાંગ દેસાઈની ઉપસ્થિતિમાં મળેલ આજની બેઠકમાં તેમણે સભ્યોને ટુંકુ સંબોધન કરી વધુ સંવેદનશીલ તંત્ર બની પ્રજાભિમુખ કામગીરીને અગ્રતા અપાશે તેવી ખાત્રી ઉચ્ચારી હતી.

તેમણે આરોગ્ય સમિતિની બેઠકને લઈ થયેલા વિવાદ અંગે ક્ષતિનો એકરાર કરી જણાવ્યું હતું કે ભવિષ્યમાં આવી કોઈ બાબતોનું પુનરાવર્તન થશે નહિ તેની પુરતી કાળજી લેવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

પ્રશ્નોત્તરીના સમય દરમિયાન કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ કલોલ તાલુકાની આંગણવાડીઓ માટે ખરીદવામાં આવતા કરિયાણામાં ગેરરિતિના મુદ્દે ઉગ્ર રજુઆત કરી અને આ મુદ્દે તપાસ સમિતિની રચના કરવા માંગ કરી હતી.

ઈન્ચાર્જ મહિલા બાળ વિકાસ અધિકારી ડૉ. ભાવના પટેલે જણાવ્યું હતું કે ગુણવત્તાયુકત કરિયાણું

● અનુસંધાન પાન-૭ પર



દિવાળીના એંધાણ - પ્રકાશ પર્વ દિપાવલીના આગમનને આડે હવે માત્ર પાંચ દિવસ બાકી છે ત્યારે ઘર-ઘર દિવડા પ્રગટાવવાની તૈયારીઓ ઉત્સાહપૂર્વક જોરશોરથી ચાલી રહી છે... ગ્રામીણ વિસ્તારમાં પરંપરાગત અને આધુનિક કોડીયા તૈયાર કરવાની કામગીરી આખરી તબક્કામાં પહોંચી છે...

# આજથી રાજયના બે દિવસના પ્રવાસે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી

ગાંધીનગર, તા.૨૧

ભારતના રાષ્ટ્રપતિ મહામહીમ પ્રણવ મુખરજી આજથી બે દિવસ માટે રાજયના પ્રવાસે આવી રહ્યા છે. તંત્ર દ્વારા તેમના આગમનને લઈ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

મહામહીમ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી ૨૨મીને રાત્રે ગાંધીનગર આવી પહોંચશે. આ પછી ૨૩મીએ દ.ગુજરાતના બે કાર્યક્રમોમાં હાજરી આપવા હવાઈ માર્ગે જશે. જયાં તેઓ હોસ્પિટલનું લોકાર્પણ પણ કરવાના છે. મહામહીમ રાષ્ટ્રપતિ બપોરે ૩.૪૫ કલાકે ગાંધીનગર નજીક વાસન ગામે આવેલ બાપુ નોલેજ સીટીમાં ગેસ્ટ લેકચર સીરીઝમાં પ્રવચન આપી



તેજસ્વીતાનું સન્માન કરશે. આ પછી તેઓ રાત્રે પૂર્વ વિદેશ મંત્રી અને રાજયના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીની સૌજન્ય મુલાકાતે ગાંધીનગરના તેમના નિવાસસ્થાને જશે.

# શહેરમાં ડેનગ્યુના વધુ ૫ કેસ

**૬ વર્ષના બાળકને પણ ડેનગ્યુ પોઝીટીવ : સિઝનમાં ડેનગ્યુના ૭૦ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાંથી ડેનગ્યુના વધુ પાંચ કેસ મળતાં આ સિઝનમાં ડેનગ્યુના કેસોની સંખ્યા ૭૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે છેલ્લા બે દિવસ દરમિયાન ડેનગ્યુના પાંચ કેસ મળ્યા છે. તેમાં એક છ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. ડેનગ્યુના મળી આવેલા દર્દીઓ હાલ ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે ૧૬ થી ૨૨ વર્ષની વયના ચાર યુવાનો છે. નોંધાયેલા પાંચ દર્દીઓમાં સે-૭ના બે સે-૧૫ના બે તેમજ એક કેસ સે-૧૬નો છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાને લઈ હાથ ધરાયેલ ત્રીજા તબક્કાના સર્વેલન્સમાં ૧૪૪૦થી વધુ પાત્રોમાંથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા છે જેને લઈ તંત્ર પણ ચોંકી ઉઠયું છે.

આ સર્વેલન્સ દરમિયાન ૨૫૭ જેટલા તાવના દર્દીઓ મળી આવતાં તેમના લોહીના નમુના મેળવી અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

શહેરમાં ડેનગ્યુના છુટા છવાયા મળી રહેલા કેસોને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. ડેનગ્યુના મચ્છરો દિવસ દરમિયાન જ કરડતા હોવાથી તંત્ર માટે મોટો પડકાર ઉભો થયો છે.

ગાંધીનગર શહેરને અગાઉથી જ ડેન્ગયુ માટે સંવેદનશીલ વિસ્તારોની યાદીમાં મુકવામાં આવેલ છે. પ્રિ-મોન્સુન એકટીવીટીથી શરુ કરી અત્યાર સુધીમાં તંત્રની ટીમોએ ૭ હજાર જેટલા પાત્રોમાંથી ડેન્ગ્યુ ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ શોધી અને પોરાનાશક કામગીરી કરી છે જે ઉલ્લેખનીય છે.

# આર ટી ઓ કચેરીમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે અભિયાન

**એચ એસ આર પી નંબર પ્લેટ વિનાના વાહનો પાસેથી દંડ વસુલવામાં આવશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા બે દિવસ માટે એચ એસ આર પી નંબર પ્લેટ લગાવવા માટે કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૨૨ અને ૨૩ ઓકટોબરના રોજ આ કેમ્પ યોજાશે. હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવી ન હોય તેવા વાહનોના ચાલકોએ આ કેમ્પમાં નંબર પ્લેટ યોગ્ય કરાવી લેવા આર ટી ઓ કચેરી દ્વારા જણાંવાયુ છે. એચ એસ આર પી નંબર પ્લેટ વિનાના વાહનો દંડને પાત્ર બનશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં રાજયમાં સૌ પ્રથમ એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવાનુ શરૂ કરવામાં આવ્યુ હતુ. જયારે શરૂઆતના તબક્કામાં સંબંધિત એજન્સીની મંદ કામગીરીના લીધે અરજદારોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. ત્યારબાદ નવી વ્યવસ્થા ગોઠવાતા વાહનચાલકોની પરેશાનીનો અંત આવ્યો હતો. જો કે એચ એસ આરી પી નંબર પ્લેટનુ લખાણ લાંબો સમય ટકતુ ન હોવાનો પણ આક્રોશ વાહનચાલકોમાં પ્રબળ બન્યો હતો. જેના અંતે પણ જરૂરી સુધારા કરાયા હતા. હાલની સ્થિતિએ ઘણાં વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટનો અભાવ વર્તાય છે. જયારે હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ન હોય તેવા વાહનચાલકો પાસેથી દંડ વસુલવાનો પણ નિર્ણય લેવાયો છે. ત્યારે આર ટી ઓ તંત્ર દ્વારા પણ એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવા માટે અભિયાન હાથ ધરાયુ છે. આર ટી ઓ તંત્રના જણાંવ્યા મુજબ તા ૨૨ અને ૨૩

● અનુસંધાન પાન-૭ પર


# કસરતના અભાવે વધતા વજનથી બાળકો પણ બેક પેઈનનો શિકાર બને છે : ડો મુકુલ પંડિત

**વસતીના પ્રમાણમાં ૮૦ ટકા નાગરિકો જીવનકાળમાં એકવાર બેક પેઇનથી પીડાય છે : મહીલાઓનુ પ્રમાણ વિશેષ : બાળકો મેદાનમાં રમતા નથી : વજન વધુ ઉપાડે છે બેક પેઇનથી બચવા કસરતને ભગવાન માની અપનાવો : ડો પંડિત**

ગાંધીનગર તા ૨૧

સામાન્ય રીતે મોટાભાગના વ્યક્તિ જીવનકાળ દરમિયાન બેક પેઈનનો ભોગ બને છે. વસતીના પ્રમાણમાં ૮૦ ટકા નાગરિકો બેક પેઈનની તકલીફથી પીડાતા હોય છે. જો કે આ દર્દીઓમાં મહીલાઓનુ પ્રમાણ વિશેષ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે હાલ સમય જતા હવે બાળકોમાં પણ બેક પેઈનની તકલીફ વધી છે. ૭ થી ૮ ટકા બાળકો બેક પેઈનની તકલીફ જોવા મળે છે. જો કે આ પીડા પાછળ વધુ વજન જવાબદાર હોવાનુ ધ્યાને આવ્યુ છે. ભારતમાં આઈ ટી ક્ષેત્રે સંકળાયેલા યુવાનો પણ બેક પેઈનની તકલીફનુ પ્રમાણ વધુ હોવાનુ જણાંવતા ડો મુકુલ પંડિતે હાલ યંગ જનરેશન પણ બેક પેઈનનો ભોગ બનતી હોવાનો ઉલ્લેખ કર્યો છે. વ્યક્તિએ આજની બેઠાડુ અને તણાવમુક્ત જીવનશૈલીમાં કસરતને ભગવાન માનવાની અનિવાર્યતા હોવાનુ પણ જણાંવ્યુ હતુ.

આજની ભાગદોડ ભરી જિન્દગીમાં ભૌતિક સાધનોની ભરમાર વચ્ચે નાગરિકો કસરત કરવાનુ સદંતર વિસરી ગયા છે. બેઠાડુ જીવન અને કસરતના અભાવ વચ્ચે અનેક પ્રકારના રોગો જન્મે છે. આ



કુટેવોની આડઅસરના લીધે બેક પેઈનના દર્દીઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# પંચાવતોની આગામી ચૂંટણીને પગલે ૨૦ નાયબ મામલતદાર બદલાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લામાં આવી રહેલી પંચાયતોની ચૂંટણીને લઈ મંજૂર થયેલ નાબય મામલતદાર સંવર્ગની જગ્યાઓ ભરવા જિલ્લા કલેકટર સતીસ પટેલે છ જેટલા નાયબ મામલતદારોની બદલીના હુકમો કર્યા છે.

જિલ્લા કલેકટર શ્રી દ્વારા કરાયેલા આ બદલીના હુકમોમાં પુષ્પરાજ ઓલીક્ષત્રિય, પી.એચ. શિહોરા અને એન.એ. રાવને ગ્રામ પંચાયતની ચૂંટણી માટે નિમણુંક આપવામાં આવી છે.

જયારે શ્રીમતી હેમા જોશી નાયબ મામલતદાર (વસુલાત) ગાંધીનગરને પુરવઠા ઈન્સ્પેક્ટર તરીકે પુરવઠા અધિકારીની કચેરીમાં, આર.પી. ઠાકોરને પુરવઠા કચેરીમાંથી ના. મામલતદાર (પુરવઠા) કલોલ તરીકે તથા કે.જે. પંડ્યા ના. મામલતદાર (પુરવઠા) ને નાયબ મામલતદાર (ઈ.ધરા) કલોલ તરીકે નિમણુંકના હુમકો કરવામાં આવ્યા છે.

દિવાળી પછી વધુ બદલીના હુકમો થશે તેમ જિલ્લા તંત્રના સૂત્રોમાંથી જાણવા મળી રહેલ છે.

આ બદલીને પગલે કિરીટસિંહ વાઘેલા, જે.ઓ. દેસાઈ, આર.ડી. પટેલ તેમજ હેમા જોશીને અન્ય વધારાના ચાર્જ પણ સોંપવાના હુકમો આ સાથે કરવામાં આવ્યા છે.



**બેસણું**

મારા ધર્મપત્ની શ્રીમતી પદ્મા સી.નાયરનું દુઃખદ અવસાન તા. ૨૦-૧૦-૨૦૧૬ને ગુરૂવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૩-૧૦-૨૦૧૬ને રવિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

પ્લોટ નં. ૩૬-૨, સેક્ટર-૨-એ, ગાંધીનગર. મો. ૯૪૨૬૩ ૦૦૩૧૩, ૯૮૭૯૧ ૧૧૭૧૨

લિ. પી.વી.કે.ચંદ્રશેખરન (પતિ) (પી.પી.એસ. ટુ ડીજીપી)
પ્રિતી અશોકન નાયર (દિકરી) શ્યામ ચંદ્રશેખરન (દિકરા)
અશોકન બી.નાયર (જમાઈ) આર્યા અશોકન (પૌત્રી)
સ્મિતા સતિષ (દિકરી) અભિનવ કુરૂપ (પૌત્ર)
મેજર સતિષ કુરૂપ (જમાઈ) વિવાન કુરૂપ (પૌત્ર)







શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી 93 761 80003, 93 288 9 3535, 89 80 10 1515

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT, KisaN, ashirvad, BENELAVE, DR. FIXIT, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com